॥ શ્રી હરિ સાઈ પ્રસન્ન ॥

# શ્રી સાઈ સત્ ચરિત્ર

## (ગુજરાતી)

# અધ્યાય ૧

## મંગળાચરણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્દગુરુસાઈનાથાય નમઃ ।**

પવિત્ર પ્રાચીન આચાર અનુસાર સર્વ દેવતાને પ્રથમ નમસ્કાર કરું છું અને ગ્રંથલેખન પ્રારંભું છું.

૧) સફળતા, સર્વ વિઘ્નહર્તા, દેવગણનાયક શ્રી ગણેશને પ્રથમ પ્રણમું છું. શ્રી સાઈ પોતે જ ગણેશરૂપ છે.

૨) આ ગ્રંથની પ્રેરણા દેનાર મહાદેવી સરસ્વતીને નમસ્કાર કરું છું. શ્રી સાઈ સરસ્વતીરૂપ બની આ ગ્રંથનું ગાન સ્વતઃ કરે છે.

૩) સર્જક-પાલક-સંહારક દેવો બ્રહ્મા-વિષ્ણુ-મહેશને પ્રણમું છું. શ્રી સાઈનાથ આ ત્રણે દેવરૂપ છે અને આ મહાન સદ્દગુરુ જ ભકતોને સંસાર-સાગર તરાવે છે.

૪) મારા રક્ષણહાર કુળદેવતા નારાયણ આદિનાથને હું નમસ્કાર કરું છું, જેમણે પરશુરામ રૂપે સાગર પાસેથી કોંકણની ભૂમિ સંપાદન કરી અને કુળના આદિ પુરુષ તરીકે પ્રગટ થયા.

૫) જે ભારદ્વાજ ગોત્રમાં મારો જન્મ થયો છે તે ભારદ્વાજ મુનિને તથા મહર્ષિઓ–યાજ્ઞવલ્કય , ભૃગુ, પરાશર, નારદ, વેદવ્યાસ, સનક, સનંદન, સનત્કુમાર, શુક, શૌનક, વિશ્વામિત્ર, વસિષ્ઠ, વાલ્મિકી, વામદેવ,



જૈમિની, વૈશંપાયન, નવ યોગીન્દ્ર ઇત્યાદિને તથા નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ, જનાર્દન, એકનાથ, નામદેવ, તુકારામ, કાન્હા, નરહરિ, ઇત્યાદિ આધુનિક સંતોને હું પ્રણામ કરું છું.

૬) મારા પિતામહ દાદા સદાશિવને, પિતા રઘુનાથને, બાળવયમાં મને ત્યજી ગયેલાં મારાં માતુશ્રીને, મને ઉછેરી મોટો કરનારાં મારાં કાકીને તથા મારા પ્રેમાળ વડીલ બંધુને હું નમસ્કાર કરું છું.

૭) મારા ગ્રંથવાચકોને પણ હું પ્રણમું છું. સૌને એકધ્યાનથી આ ગ્રંથ વાંચવા વિનવું છું.

૮) છેલ્લે મારા ગુરુશ્રી સાઈનાથને દંડવત્ પ્રણામ કરું છું. તેઓ શ્રી દત્તાત્રેયનો અવતાર છે. મારો એકલો જ આધાર છે. તેમણે મને પ્રતીતિ કરાવી છે કે આ સંસાર મિથ્યા છે અને બ્રહ્મ જ સત્ય છે.

૯) જે સર્વ જીવોમાં ઈશ્વરનો વાસ છે તેમને સર્વને હું પ્રણમું છું.

મહર્ષિ પરાશર, વ્યાસ, શાંડિલ્ય ઇત્યાદિએ ભક્તિના વિવિધ પ્રકાર વર્ણવ્યા છે એ ભક્તિ સર્વને ફળો.

હવે હું નીચેની કથા વર્ણવું છું.

સને ૧૯૧૦ની સાલના આરંભમાં હું એક દહાડો શુભ પ્રાતઃકાળમાં શિરડી મસીદમાં શ્રી સાઈબાબાનાં દર્શનાર્થે ગયો હતો. ત્યાંનું દશ્ય જોતાં જ હું ચકિત થયો. સાઈબાબા કોગળા કરી મોઢું ધોઈ ઘઉં દળવાની તૈયારી કરતા હતા. પોતે ભોંય પર ગુણપાટનો કોથળો પાથર્યો અને ઘંટી ઠીક કરી. સૂપડામાં થોડા ઘઉં લીધા અને કફનીની બાંયો ઊંચી ચડાવી ઘંટીના ગાળામાં બે-ત્રણ મુઠી ઘઉં ઓરી હાથો પકડી ઘંટીનું પડ ફેરવવા લાગ્યા અને ઘઉં દળવા મંડ્યા. 'બાબાને કંઈ ઘરબાર કે પરિગ્રહ નથી. પોતે ભિક્ષા પર નિર્વાહ કરે છે. તો પછી બાબાને ઘઉં દળીને શું કરવા છે ? એવો પ્રશ્ન મને થયો. ત્યાં આવેલા બીજા લોકોને પણ મારી જેમ જ કુતૂહલ થયું પણ 'બાબા, આ શું કરો છો ?' એવું પૂછવાની કોઈની હિંમત ચાલી નહિ. બાબા ઘઉં દળે છે એ વાત ગામમાં પ્રસરતાં જ એકદમ સ્ત્રી-

પુરુષોના ટોળાં મસીદમાં ઉમટ્યાં અને સૌ બાબાને દળતા જોઈ રહ્યાં. એ ટોળાંમાંથી માર્ગ કરતી ચાર નીડર બાઈઓએ ઉપર ચડી બાબાને એક બાજુ ખસેડ્યા. પરાણે ઘંટીનો હાથો પકડી બાબાની લીલાનાં ગીત ગાતાં ગાતાં ઘઉં દળવા લાગી. પ્રથમ તો બાબા તેમના પર ક્રોધે ભરાયા પણ એ બાઈઓનાં પ્રેમ-ભક્તિ જોઈને પોતે રાજી થયા અને હસવા લાગ્યા. દળતાં દળતાં આ બાઈઓને થયું કે બાબાને ઘરબાર, માલમિલકત, છોકરાં-છૈયાં એવું કંઈ જ નથી, પોતે તો ભિક્ષા માગીને ખાય છે, તેથી રોટી બનાવવા માટે તેમને આ લોટની કાંઈ જરૂર નથી. બાબા આટલા બધા લોટને શું કરશે? બાબા તો દયાલુ છે, તેથી આ લોટ આપણને જ આપી દેશે. મનમાં આવા તર્ક કરતી ગીત ગાતાં ગાતાં જ્યારે તે બાઈઓ દળી રહી ત્યારે ઘંટીનું પડ બાજુ પર ખસેડી લોટ ભેગો કરી તેના ચાર ભાગ પાડ્યા અને દરેક જણી એકેક ભાગ લેવા લાગી. બાબા ત્યાં સુધી તો મૂંગા બેઠા હતા. પણ તેમને લોટ લેતી જોઈ પોતે ક્રોધે ભરાયા અને ગાળો દેતાં કહેવા લાગ્યા, ''અલી બાઈઓ, તમે તો કાંઈ ગાંડી બની છો? આ કોના બાપનો માલ લૂંટવા બેઠી છો ? આ ઘઉં કંઈ હું તમારે ઘેરથી ઉછીના નથી લાવ્યો કે તમે ટાઢે પેટે આ લોટ લઈ જવા તૈયાર થઈ છો? પણ હવે આટલું કરો: આ લોટ ગામની બહાર લઈ જઈ ભોંય પર વેરી આવો.'' આ સાંભળી પેલી બાઈઓ ભોંઠી પડી અને એકબીજીના કાનમાં ગણગણવા લાગી. ત્યાંથી ઊઠી ગામને પાદર જઈ બાબાની આજ્ઞા મુજબ લોટ વેરી આવી (કીડિયારું પૂરી આવી).

આ સર્વ જોઈને મેં શિરડીના લોકોને પ્રશ્ન કર્યો, ''બાબાએ આ શું કર્યું?'' તેમણે ઉત્તર દીધો,''હાલમાં ગામમાં કૉલેરાના રોગનો ઉપદ્રવ છે. એ ઉપદ્રવના નિવારણની બાબાની આ કરામત છે. પોતે કંઈ આ ઘઉં દળ્યા નથી પણ તેમણે કૉલેરાના ઉપદ્રવને આજે દળી નાંખીને ગામ બહાર કાઢ્યો છે.'' અને તે જ દિવસથી ગામમાં કૉલેરાનો ઉપદ્રવ શમી ગયો અને લોકો સુખી થયાં. આ સર્વ જોઈને હું રાજી થયો. પણ એ જ પળે મને કુતૂહલ થયું. મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો: આ ઘઉંનો લોટ તથા કૉલેરા અને એ બે વચ્ચે સ્થૂળ સંબંધ શું ? એ બે વચ્ચે મેળ કયો ? આ મેળ બેસાડવો કેમ ? તેનો કોઈ ખુલાસો મને હાથ લાગ્યો નહિ. પણ આ બાબતની નોંધ લઈ મારે મારા અંતરમાં બાબાની મધુર લીલાનું ગાન



કરવું એવું મારા મનમાં નક્કી કર્યું. આ લીલાના આવા પ્રકારના ખ્યાલમાં જ મારું હૃદય હર્ષથી ગદ્‌ગદિત થયું અને બાબાનું આ સચ્ચરિત્ર લખવાની પ્રેરણા થઈ. આપ સૌ જાણો છો તેમ કેવળ બાબાની શુભાશિષ તથા કૃપા વડે જ આ ગ્રંથ સફળતાથી પૂરો થઈ શકયો છે.

**દળવાનું તાત્ત્વિક માહાત્મ્ય :** આ ઘઉં દળવાના બનાવનો શિરડીના લોકોએ જે અર્થ કર્યો તે ઉપરાંત તેનું તાત્ત્વિક મહત્ત્વ પણ છે. શ્રી સાઈબાબા શિરડીમાં આશરે સાઠ વર્ષ રહ્યા. એ દીર્ઘકાળ દરમ્યાન તેમણે દળવાનું આ કામ લગભગ નિત્ય કર્યું હતું. અલબત્ત એકલા ઘઉં જ નહિ પણ પોતાનાં અસંખ્ય ભકતોનાં માનસિક તેમજ દૈહિક પાપ-તાપ-દુ:ખો જ તેમણે દળ્યાં છે. આ ઘંટીનાં પડ કર્મ તથા ભક્તિ રૂપી હતાં. આ ઘંટીનું નીચેનું પડ કર્મ, ઉપરનું પડ ભક્તિ હતું. વળી જે હાથા વડે બાબા આ ઘંટી ફેરવતા હતા તે જ્ઞાનરૂપી હાથો હતો. આપણી સર્વ કામના-ઇચ્છા, પાપ તથા સત્ત્વ-રજ-તમ-ત્રણ ગુણો તથા આપણામાં રહેલો સૂક્ષ્મ છતાં તજવો દુર્ઘટ એવો અહંકાર-એ સર્વને પ્રથમ દળી કાઢ્યા વિના જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર થવો દુર્લભ છે એ વાતની બાબાને પૂર્ણ ખાતરી હતી.

આ વાત પરથી આવી જ કબીરની એક વાત યાદ આવે છે. એક વાર ઘંટી પર બેસી અનાજ દળતી સ્ત્રીને જોઈને કબીરે પોતાના ગુરુ નિપતિરંજનને કહેલું, ''બાબા, મને તો રડવું આવે છે. કેમ કે આ ઘંટીમાં દળાતા દાણાની માફક સંસારચક્રમાં પિસાવાના કષ્ટની સ્મૃતિ મને તાજી થાય છે. એ વેળા ગુરુ નિપતિરંજને તેને ઉત્તર આપ્યો હતો કે ''બેટા, ડરીશ મા. આ ઘંટીના જ્ઞાનરૂપી હાથાને મેં પકડ્યો છે તેમ તું પણ મજબૂત પકડી રાખજે. મનને ત્યાંથી બહાર ભટકવા જવા દઈશ મા. મનને અંતરમાં વાળજે. તો તું જરૂર બચી જઈશ.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જન પ્રેરિતે ભકત હેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિતે મંગલાચરણં નામ**
**પ્રથમોડધ્યાય: સંપૂર્ણ:**
**શ્રી સદગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**